# અરવલ્લી જિલ્લામાં એસીબીની ટ્રેપ

# મોડાસા તાલુકા પંચાયતમાં ૨૦૦૦ની લાંચ લેતા ગ્રામસેવક ઝડપાયો

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાનું નિર્માણ થયા બાદ નવા બનાવવામાં આવેલા એસીબી પોલીસના અધિકારીઓને પ્રથમ સફળતા હાંસલ થઈ છે. મોડાસા તાલુકા પંચાયતમાં એક લાભાર્થીને ઈન્દીરા આવાસ યોજનાના હપ્તાની રકમમાંથી ૨ હજાર રૂ.ની લાંચ લેતા ગ્રામ સેવક આબાદ ઝડપાઈ જતાં ચકચાર પ્રસરી છે.



મોડાસા એલસીબી પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.આર ઝાલાએ જણાવ્યું હતું કે મોડાસાના હફસાબાદના રામજી અમરાજી ખાંટે પોતાની પત્નીના નામે બીપીએલ લાભાર્થી હોવાથી ઈન્દીરા આવાસનું મકાન સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યું હતું. આ મકાનનો પહેલો હપ્તાની ચૂકવણી બાદ મકાનના બિજા હપ્તા પેટે ૪૨૦૦૦ રૂ.ની રકમ મંજૂર થઈ હતી. આ રકમ બેંકમાં જમા થઈ હતી. ત્યાર બાદ આ રકમમાંથી શિણાવાડ સેજામાં ફરજ બજાવતો મણીલાલ બહેચરભાઈ બરંડા વારંવાર ફરીયાદી પાસે ૨ હજારની લાંચની માગણી કરતો હતો. આથી છેવટે કંટાળીને ફરીયાદીએ મોડાસા એસીબી કચેરીના પી.આઈ. જે.આર. ઝાલાનો સંપર્ક કર્યો હતો. જેથી મોડાસા એસીબીએ ગ્રામ સેવકને રંગે હાથે ઝડપવા માટે મોડાસા તાલુકા પંચાયતમાં છટકુ ગોઠવ્યું હતું અને મોડાસા તાલુકા પંચાયત કચેરીની આજુબાજુ એસીબીના અધિકારી ગોઠવાઈ ગયા હતા જેમાં ફરિયાદી પાસેથી ગ્રામ સેવક મણીલાલ બરંડા ૨ હજાર રૂપિયાની લાંચ લેત રંગેહાથે ઝડપાઈ ગયો હતો. એસીબીની ટ્રેપ થયાના સમાચાર જાણી અરવલ્લી જિલ્લાના સરકારી બાબુઓ કે જેઓ સામાન્ય સરકારી કામકાજમાં લાંચ માંગતા શરમાતા નથી તેવા અધિકારીઓને ઘટનાની જાણ થતાં ફફડી ઉઠ્યા હતા. આમ અરવલ્લી જિલ્લો બન્યા બાદ એસીબીએ પ્રથમ ટ્રેપ સફળ રહેતા સફળતા હાંસલ થઈ છે.

અરવલ્લી જિલ્લાનું નિર્માણ થયા બાદ જિલ્લા કલેક્ટર કચેરી તથા મામલતદાર કચેરીમાં દલાલોનો રાફડો ફાટી નીકળ્યો છે. અરવલ્લી જિલ્લાના અધિકારી તથા કર્મચારીઓ રૂપિયા લીધા વિના કામ કરતા ન હોવાની બૂમરાણ મચી છે ત્યારે અરવલ્લી જિલ્લા એસીબી ભ્રષ્ટાચાર આચરતા દલાલો અને અધિકારીને અને કર્મચારીઓ પર વોચ રાખે તેવી જિલ્લાના પ્રજાજનો ઈચ્છી રહ્યા છે.

## રાષ્ટ્રીય અનુ.જાતિ આયોગના રાજુભાઈ પરમાર ૧લીએ પાલનપુરની મુલાકાતે

પાલનપુર, તા.૨૮

રાષ્ટ્રીય અનુ. જાતિ આયોગ નવી દિલ્હીના સભ્યશ્રી રાજુભાઈ પરમાર આગામી તા. ૧-૫-૨૦૧૫ ના રોજ બનાસકાંઠા જીલ્લાની મુલાકાતે આવી રહ્યા છે. આ મુલાકાત દરમિયાન તેઓશ્રી અનુસુચિત જાતિ કલ્યાણના અત્રેથી આમંત્રીત દલિત આગેવાનો, સ્વૈચ્છીક સંસ્થાના પ્રતિનિધીઓ સાથે તા. ૧ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે કોમ્યુનીટી હોલ, પોલીસ હેડ કવાર્ટર પાલનપુર ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. તેમ જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી પાલનપુર, બનાસકાંઠા દ્વારા અખબારી યાદીમાં જણાવ્યું છે.

# પાલનપુરમાં હીરાની ચોરી કરનારો શખ્સ ડીસાની ચોરીમાં ઝડપાતા સમગ્ર ભેદ ઉકેલાયો

પાલનપુર, તા. ૨૮

પાલનપુર શહેરમાં હીરાના કારખાનામાં ગત માર્ચ માસમાં રૂ. ૧.૮૫ લાખના હીરા ચોરાતા સમગ્ર બજારમાં ચકચાર મચી જવા પામી હતી. આ અંગે હીરાના કારખાનેદાર મહમંદ આગલોડીયાની પોલીસ ફરિયાદને આધારે ડિસા પૂર્વ શહેર પોલીસે તપાસ હાથ ધરી હતી.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

દરમિયાન પાલનપુરમાં આજ મોડ્સ ઓપરેન્ડીથી વેપારીમથક ડીસામાં પણ હીરાની ચોરી થવા પામી હતી અને ડીસા પોલીસે હીરા ચોરીના આરોપીને ઝડપી પાડ્યા હતા. જેમાં એ આરોપી પાલનપુરનો રહીશ હોવાનું બહાર નીકળતા પાલનપુર પૂર્વ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.એ પાલનપુર હીરા ચોરી કેસમાં ડીસામાં પકડાયેલા આરોપીના ઘરે તપાસ કરતા હીરાના પેકેટ મળી આવ્યા હતા. આથી પાલનપુર પોલીસે ડીસા પોલીસ પાસેથી ટ્રાન્સફર વોરંટના આધારે મુકેશ લક્ષ્મણભાઈ નાયક (રહે. સોનબાગ મીરાગેટ)ને પાલનપુર લઈ આવી હતી અને સઘન પુછપરછ કરતા આરોપીએ રૂ. ૧.૮૫ લાખના હીરાની ચોરીની કબુલાત કરી હતી. પોલીસે આરોપી પાસે અન્ય મુદ્દામાલ કબજે કરી ફરાર આરોપીઓને ઝડપી પાડવા શોધખોળ હાથ ધરી છે.

# મેઘરજના મુડશી નજીક ટ્રેક્ટર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત : બે ના મોત

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લામાં જાણે યમરાજાએ ડેરા નાખ્યા હોય તેમ ઉપરાછાપરી જીવલેણ અકસ્માતોની પરંપરા સર્જાઈ છે. જેમાં આજે બપોરે ૧ વાગ્યાની આસપાસ મેઘરજના મુડશી નજીક ટ્રેક્ટર-બીક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક અને સવાર બન્ને યુવાનોનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજતાં મેઘરજ તાલુકા અને મૃતક યુવકો નેસડા ગામના હોવાથી નેસડામાં ગમગીની છવાઈ હતી. મૃતક યુવાનોના પરિવારજનોએ આક્રંદ કરી મુકતાં વાતાવરણમાં શોકની લાગણી છવાઈ જવા પામી હતી.


(તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના મુડશી ગામ નજીક ટ્રેક્ટર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. તેમાં નેસડાના બે યુવાનોના મોત નિપજ્યા હતા. આજે બપોરે એક વાગ્યાની આસપાસ ટ્રેક્ટર (નં. જીજે-૯-એડી-૮૨૧) મોટી મોયડીથી લિંબોદરા ગામે લગ્નનું પડીકુ આપવા માટે જઈ રહ્યુ હતુ ત્યારે રામગઢી તરફથી બાઈક(ગાડી નં. જીજે-૯-સીકે-૦૩૪૨) લઈને બાઈકચાલક અને બાઈક સવાર યુવાનો આવી રહ્યા હતા ત્યારે મુડશી નજીક આવેલા વળાંકમાં ટ્રેક્ટર અને બાઈક ઘડાકાભેર અથડાઈ ગયા હતા. આ અકસ્માતમાં (૧) લાલાભાઈ રત્નાભાઈ ખરાડી (ઉં.વ. ૧૮) અને (૨) મોહનભાઈ પ્રતાપભાઈ ખરાડી (ઉં.વ.૨૫) બાઈક સવાર બન્ને યુવકોને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. અકસ્માતની જાણ મૃતક યુવાનોના પરિવારજનોને થતાં મેઘરજ સરકારી હોસ્પિટલમાં પી.એમ. રૂમ આગળ આક્રંદ કરી મુક્યું હતું.


(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

અરવલ્લી જિલ્લાના વડાગામમાં આજે શ્રી રામદેવજી અખંડ જ્યોતિ ભક્તી રથયાત્રાનું ૨૫૧ ગામો થઈને વડાગામમાં આવી પહોંચતા વડાગામના ભક્તોમાં આનંદ છવાયો હતો. જેમાં ગામના ભક્તજનો અને વીએચપીના કાર્યકરોએ સામૈયા અને શોભાયાત્રા ભજન અને પ્રસાદનું આયોજન કરી ધન્યતા અનુભવી હતી. શ્રી રામદેવ ઉપાસક રજનીભાઈ પંચાલે જણાવ્યું કે યાત્રા ૪૫૧ ગામડાઓ મુલાકાત લઈ મનુષ્યના જીવનના કલ્યાણ અર્થે અંધશ્રદ્ધા, અસ્પૃષ્યતા, આરોગ્યલક્ષી શિક્ષણ, સ્ત્રીભ્રૃણહત્યા અંગે જાગૃતિ ફેલાવવામાં આવશે.

# મહેસાણા જિલ્લામાં ગુજરાત ગૌરવ દિવસની ઉજવણી કરાશે

### જિલ્લામાં વિવિધ વિકાસના કામોનું ખાતમુહૂર્ત : ભૂમિપૂજન : લોકાર્પણ

મહેસાણા, તા. ૨૮

ગુજરાત રાજયની સ્થાપના દિન ૦૧ મે શુક્રવાર ના દિવસે મહેસાણા જિલ્લામાં ગુજરાત ગૌરવ દિવસની ઉજવણી થનાર છે.જેમાં જિલ્લા મુખ્ય મથક તાલુકા મથક અને છેવાડાના ગામ સુધી અનેક વિવિધ કાર્યક્રમો યોજાવાના છે.જેમાં સરકારી ઈમારતોને રોશની, સ્વચ્છતા, આરોગ્ય અને વકૃત્વ સ્પર્ધાનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

ગુજરાત સ્થાપના દિન ઉજવણી પુર્વ તૈયારીની બેઠક કલેકટર લોચન સેહરાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.બેઠકમાં વિવિધ ક્ષેત્રે એવોર્ડ મેળવનારનું સન્માન કરવામાં આવશે તથા વિકાસના કામોનું લોકાર્પણ કરવામાં આવનાર છે.

સ્થાપના દિવસે સમગ્ર શહેરમાં એક રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું છે.જેમાં સ્વૈચ્છિક સસ્થાઓ,અગ્રણીઓ અને -બુધ્ધ નાગરિકો જોડાશે.આ દિવસે મહાગુજરાત ચળવળ વિશેની પણ જાણકારી આપવામાં આવશે આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી એસ. કે. લાંઘા, અધિક નિવાસી કલેકટરશ્રી રમેશ મેરજા, તેમજ ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ ખાતે ખેલે ગુજરાત સમર કેમ્પનો પ્રારંભ

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ અવરઓન હાઈસ્કૂલ ખાતે તા. ૨૭-૪-૨૦૧૫ ને સોમવારના દિવસે સાંજે પાંચ કલાકે ખેલે ગુજરાત ખેલ મહાકુંભના વિજેતા રમતવીરો માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું.


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ ખાતે તાલુકા કક્ષાનો ૧૫ દિવસનો સમર કોચિંગ કેમ્પનું ગુજરાત સરકાર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ અવર ઓન હાઈસ્કૂલના વિશાળ મેદાનમાં જુદી જુદી રમતોનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં પ્રાંતિજ મામલતદાર એ.એ. ડોડીયા દ્વારા ૨૦૧૫ ખેલે ગુજરાત અંતર્ગતનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જ્યારે પ્રાંતિજ તાલુકામાંથી વિવિધ સ્કૂલોમાંથી વિવિધ બાળકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાં પ્રાંતિજ તાલુકામાંથી વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

જ્યારે પ્રાંતિજ મામલતદાર દ્વારા ખેલાડી વિદ્યાર્થીઓને સુંદર એવું માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. અને જુદા જુદા ખેલની માહિતી આપવામાં આવી હતી અને ભારત રમતવીરો ખેલાડીઓના ઉદાહરણ આપી ખેલને લગતા પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. જેમાં સમર કેમ્પમાં ભાગ લેનાર ખેલાડીઓ દ્વારા ફડફડાટ જવાબ આપવામાં આવ્યા હતા. જ્યારે આ પ્રસંગે અવરઓન હાઈસ્કૂલના આચાર્ય એસ.જી. પટેલ, ઉછા સરપંચ જયંતિભાઈ પટેલ, પી.ટી.સી. ટીચર્સ જગદીશભાઈ રાવલ, રાઠોડભાઈ તથા સ્ટાફ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મીનાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# પાલનપુરના ટાકરવાડામાં સમર કોચિંગ કેમ્પનો પ્રારંભ

પાલનપુર, તા.૨૮

ખેલ મહાકુંભના વિજેતા રમતવીરો માટે રમત કૌશલ્યને વધુ તેજસ્વી બનાવવા રાજયના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત આયોજીત તથા જીલ્લા વહીવટીતંત્ર બનાસકાંઠા સંચાલીત સમર કોચિંગ કેમ્પનો આજથી પ્રારંભ થયો છે. બનાસકાંઠા જીલ્લાના ટાકરવાડા મુકામે ઉદઘાટન સમારોહમાં પ્રાસંગીક પ્રવચન કરતાં અગ્રણીશ્રી ગજેન્દ્રભાઈ સકસેનાએ જણાવ્યું હતું કે રમતોમાં રસ ધરાવતા બાળકો અને યુવાનોને રમત કૌશલ્ય વિકસાવીને આગળ વધવા આ કોચિંગ કેમ્પ બહુ ઉપયોગી નિવડશે. તેમણે કહ્યું કે રમતોથી જીવનમાં ખેલદિલી અને સાહસના ગુણો કેળવાય છે.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બનાસકાંઠા જીલ્લા રમતગમત અધિકારીશ્રી મુકેશભાઈ ગોયાએ કહ્યું કે આ કોચિંગ કેમ્પ ખેલાડીઓને બહુ ઉપયોગી નીવડશે. તેમણે કહ્યું કે કોચિંગ કેમ્પ માટે સરકારશ્રી દ્વારા જરૂરી તમામ સુવિધાઓ આપવામાં આવે છે. રમતગમત અધિકારીશ્રીએ જણાવ્યું કે બનાસકાંઠા જીલ્લો વિવિધ રમતોમાં નોંધપાત્ર પ્રગતિ કરી જીલ્લાનું અને રાજયનું નામ રોશન કરે તે માટે આપણે સૌ પ્રયાસો કરી બાળકોમાં અભ્યાસ સાથે રમતોમાં પણ રસ કેળવાય તેની કાળજી રાખીએ.

આ પ્રસંગે ટાકરવાડા કેળવણી મંડળના સદસ્યશ્રીઓ, અગ્રણીઓ સર્વશ્રી હરીભાઈ ગોયા, જયેશભાઈ પટેલ, સરપંચ નાનજીભાઈ જુડાલ તથા ગ્રામજનો અને વિધાર્થીઓ વગેરે સારી સંખ્યામાં ઉપસથિત રહ્યા હતા.

# ડીસાના ભીલડીમાં કૃષિ મહોત્સવ યોજાયો


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા.૨૮

બનાસકાંઠા જિલ્લામાં ઉત્સાહભર્યા માહોલમાં કૃષિ મહોત્સવ-૨૦૧૫ની ઉજવણી યોજાઈ રહી છે. કૃષિ મહોત્સવની ઉજવણી અંતર્ગત જિલ્લા પંચાયતની બેઠક મુજબ જિલ્લાની કુલ ૫૫ બેઠક પૈકીમાંથી પસંદ થયેલ ગામોમાં કૃષિ મહોત્સવ યોજાઈ રહ્યો છે. ડીસા તાલુકાના ભીલડી મુકામે ધારાસભ્યશ્રી અને બનાસકાંઠા જીલ્લા ભાજપ પ્રમુખશ્રી કેશાજી ચૌહાણના અધ્યક્ષસ્થાને કૃષિ મહોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતાં ધારાસભ્યશ્રીએ કહ્યું કે કૃષિ મહોત્સવ અભિયાનને રાજયભરમાં નોંધપાત્ર સફળતા મળી છે. જેનાથી રાજયની કૃષિ આવકમાં વિક્રમજનક વધારો થયો છે. ધારાસભ્યશ્રી કેશાજી ચોહાણે કહ્યું કે રાજય સરકારશ્રીના આ અભિયાનને લીધે બનાસકાંઠા જીલ્લાના ઘણા ખેડૂતોએ રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ જીલ્લાનું નામ રોશન કર્યુ છે તેમજ આ જીલ્લાના પશુપાલકોએ વિપુલ પ્રમાણમાં દૂધ ઉત્પાદન કરીને પાલનપુર મુકામે આવેલ બનાસ ડેરીને દૈનિક દૂધ મેળવવામાં સમગ્ર એશિયામાં પ્રથમ સ્થાને મુકી છે.

ધારાસભ્યશ્રીએ ખેડુતોને અનુરોધ કરતાં કહ્યું કે કૃષિ મહોત્સવમાંથી મળેલા માર્ગદર્શન અને માહિતીનો ઉપયોગ કરી આપણી આવક અને સુખાકારીમાં સારો સુધારો કરી બાળકોને ઉચ્ચ શિક્ષણ સુધી ભણાવીએ.

આ પ્રસંગે અગ્રણીઓ સર્વશ્રી બબાજી રાઠોડ, તાલુકા ભાજપ પ્રમુખ ગીરીશભાઈ, કુંવરજી ઠાકોર, અલ્કેશભાઈ રાવલ, નવીનજી સોની, સહિત અધિકારીઓ, અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસામાં ગઠીયાએ એ.ટી.એમ. કાર્ડ બદલી ખાતામાંથી ૩૦ હજાર ઉઠાવી લીધા

ડીસા તાલુકાના યાવરપુરા ગામમાં રહેતા એક વ્યક્તિના એ.ટી.એમ.માંથી એક ગઠીયાએ ૩૦ હજાર રૂપિયા ઉપાડી લીધા હતા. જે અંગેની વિગતો જોઈએ તો ડીસાના યાવરપુરા ગામમાં રહેતા સુથાર અશોકકુમાર ભીખાજી ડીસાની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં એકાઉન્ટ ધરાવે છે. જેથી અશોકભાઈ સુથારને પૈસાની જરૂર હોઈ તેઓ આજે તેમના ભત્રીજા સાથે એસબીઆઈ પાસે આવેલા એ.ટી.એમ.માં પૈસા ઉપાડવા માટે આવ્યા હતા. જ્યાં બે થી ત્રણ વખત એ.ટી.એમ. મારફતે પૈસા ઉપાડવાની કોશીશ કરવા છતાં પણ પૈસા ઉપડ્યા ન હતા. જેથી તેમની પાસે ઉભેલા એક અજાણ્યા શખ્સે લાવો હું પૈસા ઉપાડી આપુ તેમ કહીને અશોકભાઈ સુથારનું એ.ટી.એમ. કાર્ડ બદલી દીધુ હતુ અને બાદમાં અશોકભાઈ સુથાર અને અજાણ્યો શખ્સ બંને ત્યાંથી રવાના થઈ ગયા હતા. પરંતુ થોડાક જ સમય બાદ ૩૦ હજાર રૂપિયા ખાતામાંથી ઉપડ્યા હોવાનો અશોકભાઈ સુથારના મોબાઈલમાં મેસેજ આવ્યો હતો. અને અશોકભાઈ સુથારે તેમની પાસે રહેલું એ.ટી.એમ. કાર્ડની ઉપર ડી.એસ. રાઠોડ લખેલુ જોવા મળ્યું હતું. જેથી બાદમાં વધુ તપાસ કરતા તેમની સાથે છેતરપીંડી થઈ હોવાનુંમાલુમ પડતા તેમણે ડીસા શહેર પોલીસમથકે જાણવા જોગ ફરીયાદ આપી હતી.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧